# અનઅધિકૃત સંસ્થા/કેન્દ્ર

ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતી અને **UGCના નિયમો વિરુદ્ધ ચાલતી સંસ્થાઓ અને કેન્દ્રો**માં એડમીશન લઇ વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય જોખમમાં ના મુકે એવી જાગરૂકતા લાવવા માટે ગુજરાત યુનિવર્સિટીના પ્રયાસરૂપે આ જાહેરાત આપવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી અને સૂચનાઓ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.org.in પર મુકવામાં આવેલ છે. જેની તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને નોંધ લેવા વિનંતી છે.

તા.૩૦-૦૫-૨૦૧૬ કુલ સચિવ

નં.આર./૬૫૦૮/૨૦૧૬

## વિધાર્થીઓને તેમના અભ્યાસક્રમ બાબતે માર્ગદર્શન મેળવવા માટેની જાહેરખબર

........ગુજરાત........યુનિવર્સિટી,ગુજરાત રાજયનાં ....ગુજરાત...યુનિવર્સિટી એક્ટ કાયદા હેઠળ સ્થાપિત યુનિવર્સિટી છે. તથા ..............ગુજરાત............. યુનિવર્સિટી અધિનિયમ........1949........ હેઠળ તેનું ભૌગોલિક કાર્યક્ષેત્ર નિયત થયેલ છે. આથી સદરહુ યુનિવર્સિટીનાં ભૌગોલિક કાર્યવિસ્તારમાં કાર્યરત તમામ કોલેજોએ સંબંધિત યુનિવર્સિટીની માન્યતા/ જોડાણ મેળવવાનું રહે છે. જયારે રાજયનાં કાયદાથી રચાયેલ ખાનગી યુનિવર્સિટી પોતાનાં નિયત કાર્યક્ષેત્ર / કેમ્પસની બહાર અભ્યાસક્રમો/કોલેજો ચલાવી શકે નહિ.અને તદ્નુસાર યુજીસી એકટની જોગવાઈઓ હેઠળ સંબંધિત યુનિવર્સિટી આવાં વિધાર્થીઓને ડિગ્રી એનાયત કરી શકે છે. તમ છતાં તાજેતરમાં સરકારશ્રીનાં ધ્યાને આવેલ છે કે,અન્ય રાજય/ અન્ય યુનિવર્સિટીની માન્યતા/જોડાણનાં દાવા હેઠળ કેટલીક કોલેજો/સ્ટડી સેન્ટર,સ્થાપી વિધાર્થીઓને જુદાં જુદાં અભ્યાસક્રમોમાં પ્રવેશ આપે છે. જે તદ્દન ગેરકાયદેસર છે. તથા આવી કોલેજોનાં અભ્યાસક્રમમાં જોડાયેલ વિધાર્થીઓને મળવાપાત્ર ડિગ્રીની કાયદેસરતા બનતી નથી. રાજય સરકાર ધ્વારા આવી કોલેજો/સેન્ટર સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે. ભવિષ્યમાં આ પ્રકારનાં પ્રસંગો ન બને તથા ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવતાં વિધાર્થીઓને મુશ્કેલી ઉભી ન થાય તેવાં હેતુથી જાહેર હિતમાં આ સ્પષ્ટતા કરવામાં આવે છે.

આ બાબતે યુજીસી. દ્વારા તા.૪/૬/૨૦૧૫ ના પત્રથી જાહેર કરવામાં આવેલ પબ્લીક નોર્ટિસ મુજબ,ઓપન અને ડિસ્ટન્સ લર્નીંગ મોડ હેઠળ આપવામાં આવતી ડિગ્રી બાબતમાં હયાત પોલીસી અનુસાર સ્ટેટ યુનિવર્સિટી(પબ્લીક અને પ્રઈવેટ બન્ને)જે રાજયમાં તેની સ્થાપના કરવામાં આવેલ હોય તે સિવાયનાં અન્ય રાજયમાં ઓફ કેમ્પસ/ સ્ટડી સેન્ટર સ્થાપી શકે નહી. તેમ જ જે તે રાજયમાં પણ ઓફ ડીમ્ડ યુનિવર્સિટીએ તેનાં મેઈન કેમ્પસની બહાર ઓફ કેમ્પસ/સ્ટડી સેન્ટર સ્થાપવા યુજીસીની પૂર્વ પરવાનગી મેળવવાની રહે છે. આ બાબતમાં યુજીસી. દ્વારા નીચે મુજબની સ્પષ્ટતાઓ કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ/સ્ટેટ યુનિવર્સિટી પોતાના ડિપાર્ટમેન્ટ,કન્સ્ટીટયુઅન્ટ કોલેજ અથવા તેની સંલગ્ન કોલેજ દ્વારા કોઈ પણ કોર્સ ચલાવી શકે.

(૨)રાજય દ્વારા સ્થાપિત યુનિવર્સિટી,જે તે કાયદા હેઠળ નિયત ભૌગોલિક વિસ્તારમાં કોર્સ ચલાવી શકે, તેની બહાર નહિ.

(૩)પ્રાઈવેટ યુનિવર્સિટી/ડિમ્ડ યુનિવર્સિટી કોઈ કોલેજ/સંસ્થાને ડિપ્લોમાં /ડિગ્રી કે અન્ય લાયકાતનો કોર્સ ચલાવવા જોડાણ આપી શકે નહિ.

(૪)કોઈપણ યુનિવર્સિટી,પ્રાઈવેટ કોચિંગ ઈન્સ્ટીટયુટ સાથે જોડાણ કરી કોર્સ ચલાવી શકે નહિ .

(૫) પ્રાઈવેટ યુનિવર્સિટી,યુજીસીની પૂર્વપરવાનગી વિના કેમ્પસ/સ્ટડી સેન્ટર ચલાવી શકે નહિ.યુજી.સીએ કોઈપણ પ્રાઈવેટ યુનિવર્સિટીને આ માટેની મંજૂરી આપેલ નથી.

(૬)ડિમ્ડ યુનિવર્સિટી તેનાં મુખ્ય મથકમાં જ કોર્સ ચલાવી શકે.

(૭)સેન્ટ્રલ અને સ્ટેટ યુનિવર્સિટી,ડિસ્ટન્સ એજયુકેશન પ્રોગ્રામ સંબંધિત કાયદા અને યુજીસીની માન્યતાથી ચલાવી શકે.

આથી માન્ય ન હોય તેવી કોલેજ/સંસ્થા/ઈન્સ્ટીટયુટ/ ઓફ કેમ્પસ સેન્ટર/સ્ટડી સેન્ટર,ફ્રેન્ચાઈસી ઈન્સ્ટીટયુટ, કોલેજ/ઈન્સ્ટીટયુટ કે જે પ્રાઈવેટ યુનિવર્સિટી કે ડિમ્ડ યુનિવર્સિટી સાથે સંલગ્ન હોવાનો દાવો કરતી હોય તેવી ઈન્સ્ટીટયુટ/સંસ્થા/કોલેજમાં પ્રવેશ ન લેવા વિધાર્થીઓને ચેતવવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણની શૈક્ષણીક સંસ્થામાં પ્રવેશ મેળવતા અગાઉ સંબંધિત સંસ્થાને રાજય સરકાર અને ..ગુ.જ.રા.ત..... યુનિવર્સિટીએ કોર્સ ચલાવવા માટે કાયદેસર માન્યતા આપેલ છે કે કેમ ? તે બાબતે ખાતરી કરી પ્રવેશ મેળવવા વિધાર્થીઓને જણાવવામાં આવે છે.

, આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોની યાદી યુનિવર્સિટીની વેબસાઈટ www.Gujarat University.org પર આપવામાં આવેલ છે. જયારે તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટીઓની યાદી યુજીસીની વેબસાઈટ .WWW.UGC.AC.IN..... પર આપવામાં આવેલ છે.

(નામ ) [illegible]
ડૉ. કુલસચિવશ્રી.
હોદ્દો
ગુજરાત યુનિવર્સીટી.
નવરંગપુરા,
અમદાવાદ

સ્થળઃ- અમદાવાદ

તા૦1/06/2016